| | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા. | ૦૧/૦૯/૨૦૨૩ |
| રજુ કર્યા તા. | ૦૧/૦૯/૨૦૨૩ |
| ફેંસલ કર્યા તા. | ૦૫/૦૭/૨૦૨૪ |
| સમય મર્યાદા | ૦૦ વર્ષ, ૧૦ માસ, ૦૪ દિવસ |

**૩૦ મા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. :-૯૬૩૭૧/૨૦૨૩**

**ફરિયાદી:-**

શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી:-**

**૧.** સોહીલઅલી સમસાદઅલી સૈયદ, ઉ.વ.૨૪,

**૨.** અરબાઝઅલી ઉર્ફે શાહબાઝ સમસાદઅલી સૈયદ, ઉ.વ.૨૨,

**૩.** રૂકશાનાબાનુ સમસાદઅલી સૈયદ, ઉ.વ.૪૭,
તમામ રહે. ઈન્સ્ટાગ્રામ હેર સ્ટાઈલની દુકાનની બાજુમાં,
ગરીબનવાઝ મસ્જીદની સામે, સુર્યનગના છાપરા,
ઈસનપુર, અમદાવાદ

**ગુન્હો:-ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ-૧૩૫(૧) મુજબ.**

**સરકાર તરફે : વિ.એ.પી.પી. શ્રી એમ.એ. મેકવાન**

**આરોપી તરફે : વિ. વ. શ્રી જે. એમ. અંસારી**

**-//જજમેન્ટ//-**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૫.૦૬.૨૦૨૩ ના કલાક ૨૨:૦૦ વાગે ઈસનપુર સુર્યનગરના

કાચા છાપરા, ગરીબનવાજ મસ્જીદની સામે, મિલ્લતનગર જાહેરમાં ફરીયાદીના ઘરે આરોપણ બહેન નં.૩ નાની આવી અને સાહેદ જાવેદને કહેલ કે તમારું એકટીવા મારા ઘર આગળથી લઈ લો તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે એકટીવા સવારે હટાવી લઈશું જેથી આરોપી બહેન નં.૩ નાની ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગંદી બિભત્સ ગાળો બોલી શરીરે ગડદાપાટુનો માર મારવા લાગેલ જેથી સાહેદ શબાનાબાનુ ફરીયાદીને છોડાવવા વચ્ચે પડતા તેને પણ ગડદાપાટુનો માર મારી ઈંટનો ટુકડો લઈ ફરીયાદીને ડાબા કાનની પાછળના ભાગે મારી ઈજા કરી અને આરોપી નં.૧ નાનો આવી ગયેલ હોય તે ફરીયાદીને તથા સાહેદ જાવેદને તથા સાહેદ શબાનાબાનુને ગંદી ગાળો બોી લાકડાના ડંડાથી સાહેદ જાવેદને કપાળના ભાગે ફટકા મારી શરીરે ઈજા કરી આરોપી નં.૩ નાનો આવી ગયેલ હોય ફરીયાદીને તથા સાહેદ જાવેદને ગડદાપાટુનો માર મારી અને આરોપી નં.૧ નાએ જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી મે. પો. કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ તે મતલબની ફરિયાદ ફરિયાદીએ ઈસનપુર પોલીસ સ્ટેશન માં ફ. ગુ. રજી. નં.૧૧૧૯૧૦૨૨૨૩૦૬૯૧/૨૦૨૩ થી નોંધાવતા આગળની તપાસના અંતે ત. ક. અધિકારીએ આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબના આક્ષેપિત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સ બજતાં આરોપીઓ હાજર થતાં આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ પુરી પાડી આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હાનું તહોમત આંક–૦૩ થી ફરમાવી આરોપીઓની પ્લી આંક–૦૪ થી ૦૬ અન્વયે નોંધતાં આરોપીએ ગુન્હો કબુલ નહીં હોવાનું જણાવતાં સદર કેસ પુરાવા પર મુલત્વામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે ફરિયાદ હકીકત પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો:–**

| અનુ. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદી જુબેદાબાનુ મુનાફભાઈ શેખ ની જુબાની |
| ૨ | ૧૦ | સાહેદ જાવેદ ઉર્ફે સહાબુદ્દીન શેખી ની જુબાની |
| ૩ | ૧૧ | સાહેદ શબાનાબાનુ ઈરફાનભાઈ મન્સુરીની જુબાની |

**દસ્તાવેજી પુરાવો:–**

| અનુ. | આંક | દસ્તાવેજનું નામ |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરિયાદની નકલ |
| ૨ | ૧૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૩ | સાહેદ જાવેદના મેડીકલ સર્ટીફીકેટની નકલ |
| ૪ | ૧૪ | સાહેદ શબાનાના મેડીકલ સર્ટીફીકેટની નકલ |
| ૫ | ૧૫ | ફરીયાદીના મેડીકલ સર્ટીફીકેટની નકલ |
| ૬ | ૧૬ | જાહેરનામાની નકલ |

(૩.૧) ઉપરોકત રજુ થયેલ પુરાવો ધ્યાને લઈ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ તેમના સામેના આક્ષેપોનો ઈનકારી પોતે બચાવમાં કોઈ સાક્ષી તપાસવા નહીં ઈચ્છતાં હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી, પુનરાવર્તનનો દોષ ટાળવા તેની ચર્ચા યોગ્ય મુદ્દાના કારણોમાં કરવામાં આવે છે.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારૂ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –:મુદ્દાઓ:–

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૫.૦૬.૨૦૨૩ ના કલાક ૨૨:૦૦ વાગે ઈસનપુર સુર્યનગરના કાચા છાપરા, ગરીબનવાજ મસ્જીદની સામે, મિલ્લતનગર જાહેરમાં ફરીયાદીના ઘરે આરોપણ બહેન નં.૩ નાની આવી અને સાહેદ જાવેદને કહેલ કે તમારું |

| | |
|---|---|
| | એકટીવા મારા ઘર આગળથી લઈ લો તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે એકટીવા સવારે હટાવી લઈશું જેથી આરોપી બહેન નં.૩ નાની ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગંદી બિભત્સ ગાળો બોલી શરીરે ગડદાપાટુનો માર મારવા લાગેલ જેથી સાહેદ શબાનાબાનુ ફરીયાદીને છોડાવવા વચ્ચે પડતા તેને પણ ગડદાપાટુનો માર મારી ઈંટનો ટુકડો લઈ ફરીયાદીને ડાબા કાનની પાછળના ભાગે મારી ઈજા કરી અને આરોપી નં.૧ નાનો આવી ગયેલ હોય તે ફરીયાદીને તથા સાહેદ જાવેદને તથા સાહેદ શબાનાબાનુને ગંદી ગાળો બોી લાકડાના ડંડાથી સાહેદ જાવેદને કપાળના ભાગે ફટકા મારી શરીરે ઈજા કરી આરોપી નં.૩ નાનો આવી ગયેલ હોય ફરીયાદીને તથા સાહેદ જાવેદને ગડદાપાટુનો માર મારી અને આરોપી નં.૧ નાએ જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી મે. પો. કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૨૯ ૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) છેવટના હુકમ મુજબ.

## – :: કા ર ણો ::–

(૭) આ કામે ફરિયાદી જુબેદાબાનુ મુનાફ શેખ ને આંક-૦૮ થી તપાસતાં તેઓ એવી હકીકત જણાવે છે કે, તેઓ પરીવાર સાથે રહે છે અને આરોપી પાડોશી થતા હોય ઓળખે છે. બનાવ તા.૦૫.૦૬.૨૦૨૩ ના રાત્રે દશેક વાગ્યાના સુમારે તેઓ તથા દિકરી શબાના અને જમાઈ જાવેદનાઓ હાજર હતા તે સમયે આરોપીઓએ ઘરે આવીને એકટીવા તેમના ઘર પાસે મુકેલ હોય હટાવી લ ેવા જણાવતા સામાન્ય બોલાચાલી તકરાર થયેલ જેથી મનદુ:ખ થતાં ફરીયાદ દાખલ કરેલ જે ફરીયાદ બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે આંક-૦૯ થી રજુ થયેલ છે તેમજ બનાવ સમયે લોકોનું ટોળુ ભેગુ થઈ

અફરાતફરી થતા તેઓને તથા દીકરી અને જમાઈને સામાન્ય ઈજા થયેલ જેની એલ. જી. હોસ્પિટલમાં સારવાર લીધેલ તેવું જણાવેલ છે.

ફરીયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય વિ. એ.પી. પી. શ્રી એ  તેમને ફરીગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં કોઈ નોંધનીય હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરતાં જણાવેલ છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજું કંઈ બનેલ નથી તેમજ બનાવ વખતે પડોશીઓ ભેગા થતા ઘણા લોકોનું ટોળુ થઈ ગયેલ જેમાં સામાન્ય ઈજા થયેલ તેની એલ.ફ જી. હોસ્પિટલમાં સારવાર કરાવેલ. આરોપીના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી તેવું જણાવેલ છે.

સદર કામે સાહેદ જાવેદ સહાબુદ્દીન શેખને આંક–૧૦ થી તપાસતાં તેઓ એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી તેઓના સાસુ છે તેમજ આરોપીઓ સાસરીની બાજુમાં રહેતા હોય ઓળખે છે. બનાવ તા.૦૫.૦૬.૨૦૨૩ ના રાત્રે દશેક વાગ્યાના સુમારે તેઓ તથા સાસુ અને સાળીઓ હાજર હતા તે સમયે આરોપીઓએ ઘરે આવીને એકટીવા તેમના ઘર પાસે મુકેલ હોય હટાવી લ ેવા જણાવતા સામાન્ય બોલાચાલી તકરાર થયેલ જેથી સાસુએ તેમની સામે ફરીયાદ દાખલ કરેલ અને પોલીસે નિવેદન લીધેલ તેમજ બનાવ સમયે લોકોનું ટોળુ ભેગુ થઈ અફરાતફરી થતા તેઓ તથા સાસુ અને સાળીને સામાન્ય ઈજા થયેલ જેની એલ. જી. હોસ્પિટલમાં સારવાર લીધેલ તેવું જણાવેલ છે.

સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય વિ. એ.પી. પી. શ્રી એ  તેમને ફરીગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં કોઈ નોંધનીય હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે સાહેદની ઉલટતપાસ કરતાં જણાવેલ છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજું કંઈ બનેલ નથી તેમજ બનાવ વખતે પડોશીઓ ભેગા થતા ઘણા લોકોનું ટોળુ થઈ ગયેલ જેમાં સામાન્ય ઈજા થયેલ તેની એલ.ફ જી. હોસ્પિટલમાં સારવાર કરાવેલ. આરોપીના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી તેવું

જણાવેલ છે.

સદર કામે સાહેદ શબાનાબાનુ ઈરફાનભાઈ મન્સુરીને આંક–૧૧ થી તપાસતાં તેઓ એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી તેઓના માતા છે તેમજ આરોપીઓ પાડોશી હોય ઓળખે છે. બનાવ તા.૦૫.૦૬.૨૦૨૩ ના રાત્રે દશેક વાગ્યાના સુમારે તેઓ તથા માતા અને બનેવી જાવેદનાઓ હાજર હતા તે સમયે આરોપીઓએ ઘરે આવીને એકટીવા તેમના ઘર પાસે મુકેલ હોય હટાવી લ ેવા જણાવતા સામાન્ય બોલાચાલી તકરાર થયેલ જેથી માતાએ તેમની સામે ફરીયાદ દાખલ કરેલ અને પોલીસે નિવેદન લીધેલ તેમજ બનાવ સમયે લોકોનું ટોળુ ભેગુ થઈ અફરાતફરી થતા તેઓ તથા માતા અને બનેવીને સામાન્ય ઈજા થયેલ જેની એલ. જી. હોસ્પિટલમાં સારવાર લીધેલ તેવું જણાવેલ છે.

સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય વિ. એ.પી. પી. શ્રી એ  તેમને ફરીગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં કોઈ નોંધનીય હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે સાહેદની ઉલટતપાસ કરતાં જણાવેલ છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજું કંઈ બનેલ નથી તેમજ બનાવ વખતે પડોશીઓ ભેગા થતા ઘણા લોકોનું ટોળુ થઈ ગયેલ જેમાં સામાન્ય ઈજા થયેલ તેની એલ.ફ જી. હોસ્પિટલમાં સારવાર કરાવેલ. આરોપીના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી તેવું જણાવેલ છે.

(૮) બંનેપક્ષની દલીલો સાથે પડેલા પુરાવાઓની હકીકત જોતાં, આરોપીઓ સામે હાલનો ફોજદારી કેસ છે તે ફોજદારી કાર્ડિનલ સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે અને જ્યાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે અને ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતાં હોય તે આક્ષેપ ફરિયાદપક્ષે સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવા પડે.

આ કામે આરોપીઓ સામે જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે જેનું અર્થઘટન નીચે મુજબ છે.

(૮.૧) આ કામે ઈ. પી. કો. કલમ–૩૨૩ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો આરોપીએ ખરેખર ઈજા પામનારને શારીરીક પીડા, રોગ કે અશકતતા પહોંચાડી હતી અને આવી ઈજા પહોંચાડવા કે એમ જાણી જોઈએ કર્યુ કે તેનાથી ઈજા પહોંચશે. આમ, આ કેસમાં જોવામાં આવે તો આ કામના આરોપીએ કોઈ જાણી જોઈને ઈજા કરી હોય તેવું જોવા મળતું નથી. ફરીયાદી પોતે જણાવે છે કે સામાન્ય બોલાચાલી થયેલી. કોઈએ કઈ મારેલ હોય તેવું બનેલ નથી.

(૮.૨) આ કામે આરોપી સામે ઈ. પી. કો. કલમ–૨૯૪(ખ) મુજબનો આરોપ છે જેમાં વ્યાખ્યા જોતાં કોઈ જાહેર સ્થળે કે તેની નજીકમાં કોઈ અશ્લીલ ગીત ગાય, અશ્લીલ કાવ્યો સંભળાવે કે અશ્લીલ શબ્દો ઉચ્ચારે તેને ત્રણ મહીનાની મુદ્દૃતની કોઈ પ્રકારની કેદની અથવા દંડની કે બન્ને પ્રકારની સજા કરવામાં આવશે આ ગુનો બીન સમાધાન લાયક છે. આ કામે ફરીયાદી તેમજ ઈજા પામનાર વ્યકિતઓની જુબાની જોતાં આરોપી ધ્વારા જાહેર સ્થળ ઉપર કોઈક અશ્લીલ શબ્દોનું ઉચ્ચારણ કરવામાં આવેલ હોય તેવી વિગતને સમર્થન મળતું નથી.

(૮.૩) આ કામે ઈ. પી. કો. કલમ–૫૦૬(૨) મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો આરોપીએ કોઈકને ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપેલી અથવા તો તેની આબરૂ કે મિલ્કતને નુકશાન થાય તે માટે ધમકી આપેલી અથવા તો આવી વ્યકિત જે વ્યકિતમાં રસ ધરાવતી હોય તેવી વ્યકિતને ઈજા કરવા અથવા તેની આબરૂ કે મિલ્કતને નુકસાન કરવા માટે ધમકી આપી હતી. આરોપીએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી આવું કરેલું. આરોપીએ આવુ કાર્ય ભોગ બનનારને થાય તે માટે કરેલુ હતું જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહીં.

(૮.૪) આ કામે ઈ. પી. કો. કલમ–૧૧૪ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરીણામે થયેલા કાર્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવું કાર્ય પોતાની હાજરીમાં તો તેણે પોતે તે કાર્ય કે ગુનો કર્યો છે એમ ગણાય. આમ, આ કેસમાં એવી કોઈ

હકીકત જોવા મળતી નથી.

(૮.૫) બી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબ આરોપી પાસેથી હથિયાર કબજે જાહેરનામું ચાલુ હોય તે સમય દરમ્યાન કબજે કરેલું હોવું જોઈએ પરંતુ હાલના કેસમાં આરોપી પાસે આવું હથિયાર હોય તેવી હકીકતને સમર્થન મળતું નથી.

આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપીઓ સામે જે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબની ફરીયાદ કરવામાં આવેલી છે તે ફરીયાદને સમર્થનરૂપ પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## – :: હુ ક મ ::–

(૧) આ કામે આરોપી નં.(૧) સોહીલઅલી સમસાદઅલી સૈયદ, (૨) અરબાઝઅલી ઉર્ફે શાહબાઝ સમસાદઅલી સૈયદ, (૩) રૂકશાનાબાનુ સમસાદઅલી સૈયદ નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ છ માસ માટે રૂ.૫૦૦૦/–પુરાના એકવીટલ જામીન તથા જાતમુચરકો ઉપલી અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા સંબંધે આપવાના રહેશે.

હુકમ આજરોજ તા.૦૫ મી માહે જુલાઈ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date.05/07/2024**
**Place:AHMEDABAD**

**(MR.B.P.Mahida)**
**GJ-01122**
**30th ADDI.CHIEF JUDICIAL MAGISTRATE AHMEDABAD CITY.**